## પરપ્રાંતિય યુવક પરણિતાને ભગાડી જતાં ઈડરમાં હંગામો

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૦૨

ઝારખંડનો વિધર્મી યુવક પરણિતાને ભગાડીને ઈડરમાં સંતાયો હોવાની બાતમી આધારે પોલીસે અન્ય સંગઠનના સહયોગથી ભાગેડૂ પ્રેમી યુગલને ઈડર બસ સ્ટેન્ડમાંથી ઝડપી લેતાં ઉત્તેજના વ્યાપી હતી. પોલીસે વિધર્મી યુવક અફસર અંસારીની અટકાયત કરી તપાસ હાથ ધરી છે.

ઝારખંડના ખુંખરાથાણાનો રહેવાસી યુવાને વડાલીની પરણિતાને ફેસબુક ઉપર અલગ અલગ આઈ.ડી. બનાવી મોહજાળમાં ફસાવી હતી અને ત્યારબાદ વિધર્મી યુવક પરણિતાને ભગાડી ગયો હતો જેના કારણે છેલ્લા કેટલાક સમયથી ઈડર-વડાલી સહિતના વિસ્તારોમાં અજંપા ભરી સ્થિતિ હતી પરંતુ કેટલાક સંગઠનોએ પોલીસને વિધર્મી યુવક પરણિતાને ભગાડીને ક્યાં છે તેની બાતમી આપતાં ગુપ્ત રાહે પોલીસે ઓપરેશન પાર પાડી વિધર્મી યુવકને ઝડપી લીધો હતો, પરણિતાને અન્યના હાથમાં જતી બચાવી લીધી હતી.

# હે રામ.. ગાંધીજીના ગુજરાતમાં સરકારી કચેરી સુધી વિદેશી દારૂ પહોંચ્યો

## સરકારી કચેરી શર્મસાર : તલોદ સી.ડી.પી.ઓ. કચેરીનો કલાર્ક દારૂની મહેફીલ માણતો હોવાનો વિડીયો વાયરલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી છે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં પોલીસ વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે એડી ટોચનું જોર લગાવી રહી છે ત્યારે તલોદ સી.ડી.પી.ઓ. કચેરીનો કલાર્ક દારૂની મહેફીલ માણતો હોવાનો વિડીયો વાયરલ થતાં સનસનાટી મચી છે. ગાંધીજીના ગુજરાતમાં સરકારી કચેરી સુધી વિદેશી દારૂ કેવી રીતે પહોંચ્યો..?? જ્યારે જવાબદાર મહિલા અધિકારીએ આ તો પુરૂષો કહેવાય, ઓફીસ ટાઈમ પછી શું કરે તેની મને શું ખબર..તેવો વાહીયાત જવાબ આપી પોતાની ફરજ પ્રત્યે ગંભીર ન હોવાનું નિવેદન આપ્યું છે.

જિલ્લામાં કેટલીક સરકારી કચેરીઓમાં સમી સાંજ પછી દારૂની મહેફીલ થતી હોવાના ગંભીર આક્ષેપ થયેલા છે. પરંતુ તપાસ પછી ખુદ તપાસ અધિકારી મહેફીલમાં બેસી જતા હોવાથી સાચી વિગતો બહાર આવતી નથી. તલોદ ખાતેની સી.ડી.પી.ઓ. કચેરીમાં જૂનીયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતો કર્મચારી અન્ય સાથીદાર સાથે દારૂની મહેફીલ માણતો હોવાનો ૧ મીનીટ ૭ સેકન્ડનો વિડીયો વાયરલ થતાં જિલ્લાની અનેક સરકારી કચેરીઓમાં ભૂકંપની સ્થિતિ લાવી દીધી છે. કર્મચારી દારૂનો વ્યસની હોય તે માની શકાય પરંતુ જગજાહેર સરકારી કચેરીમાં દારૂબંધી હોવા છતાં વિદેશી દારૂ પહોંચ્યો કેવી રીતે..??



### મારી પાસે કોઈ જાણકારી નથી : પ્રોગ્રામ અધિકારી

બાયડ : જિલ્લા પ્રોગ્રામ અધિકારી તેજલબેન ગોસ્વામીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે તલોદ સી.ડી.પી.ઓ. કચેરીમાં દારૂની મહેફીલ માણતો હોવાનો કર્મચારીનો વિડીયો વાયરલ થયા બાબતે મારી પાસે કોઈ જાણકારી નથી પરંતુ હવે હું આ અંગે ખાત્રી કરાવી લઈશ.

### સી.ડી.પી.ઓ.નો લૂલો બચાવ : હું ફિલ્ડમાં હતી, પુરૂષ કર્મચારીઓનું કશું કહેવાય નહીં..

બાયડ : તલોદ સી.ડી.પી.ઓ. રશ્મિકાબેન પ્રજાપતિએ જણાવ્યું કે કચેરીનો જૂનીયર કલાર્ક વિદેશી દારૂની મહેફીલ માણતો હોવાનો વિડીયો વાયરલ થયાનું મેં સાંભળ્યું છે પરંતુ હું ફિલ્ડમાં ગઈ હોય ત્યાર પછી આવું બન્યું હશે. ત્યારબાદ આ તો પુરૂષ કર્મચારીઓ કહેવાય, ઓફીસ સમય બાદ તે શું કરતા હોય એ મને કેવી રીતે ખબર પડે. આજે સરકારી ઓફીસમાં દારૂની મહેફીલ માણવામાં આવી છે. આવતી કાલે કોઈપણ મહિલા કર્મચારીની ઈજ્જત પણ જોખમમાં આવશે તો પણ જવાબદાર અધિકારી આવા બેજવાબદાર નિવેદન આપશે..??

## પ્રાંતિજ સહિત તાલુકામાં રવિપાક માટે પાણી છોડાયુ

પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં રવિપાક માટે કેનાલમાં પાણી છોડવામાં આવ્યું તો પાણી છોડવામાં આવતા ખેડૂતો મા ખુશી જોવા મળી હતી.

પ્રાંતિજમાંથી પ્રસાર થતી હાથમતી કેનાલ દ્વારા રવિપાક માટે પાણી છોડવામાં આવતા ખેડૂતો મા ખુશી જોવા મળી હતી તો પાણી ને લઈને રવિપાક સારો થવાની આશા પણ બંધાઈ છે અને હાલતો પ્રાંતિજ સહિત તાલુકાના ખેડૂતોને રવિપાક માટે ત્રીજુ પાણી આપવામાં આવ્યુ છે અને કુલ પાંચ પાણી આપવામાં આવશે તેવું સિંચાઈ વિભાગના પ્રાંતિજના નાયબ કાર્યપાલક ઈજનેર ડી.કે.પટેલને ટેલીફોનિક પુછતા જણાવ્યુ હતું તો રવિપાક માટે ખેડૂતો ને સિંચાઈનું કુલ પાંચ વાળ પાણી મળી રહેશે તો રવિપાકમા પણ સારો એવો ફાયદો થશે ત્યારે હાલ તો પાણી મળતા રવિપાક સારો એવો થશે એવું ખેડૂતો આશા સેવી રહ્યા છે.




### વિજયનગરમાં મતદાન જાગૃતિ રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને મુદત પૂર્ણ કરતી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી મહિનાના અંતમાં યોજાવવાની છે ત્યારે મતદારો વધુ ને વધુ મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરે તે ઉદ્દેશ્યથી વિજયનગરમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત બેનર સાથે રેલીનું આયોજન થયું હતું. વિજયનગર બી.આર.સી. ભવનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. વધુ ને વધુ મતદાન થાય તેના પ્રયાસના ભાગરૂપે બી.આર.સી. કો.ઓર્ડીનેટર ડૉ.કૌશિકભાઈ બી. શાહે અપીલ કરી હતી. મામલતદાર પી.જી.ચૌહાણે મતદારોમાં મતદાન પ્રત્યે જાગૃતિ આવે અને મહાપર્વ પ્રજા ઉત્સવ બની જાય તેમ જણાવી લીલીઝંડી આપીને બાઈક રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું જે વિજયનગરના બજારોમાં ફરી મામલતદાર કચેરીમાં સમાપન થયું હતું.

# હિંમતનગર પાલિકાના માજી નગરસેવકે આચારસંહિતાનો ભંગ કર્યાની ફરિયાદ

## સેન્સ પ્રક્રીયા દરમ્યાન મંજૂરી વિના બાઈક રેલી નિકાળી શક્તિ પ્રદર્શન કર્યાનો આરોપ

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૨

હિંમતનગર નગરપાલિકાના માજી નગરસેવક અમૃત બાબુલાલ રાજૂપરોહીતે પાલિકા વોર્ડ નં.૭માં સેન્સ પ્રક્રીયાના દિવસે ટેકેદારો સાથે બાઈક-કાર રેલી યોજી શક્તિ પ્રદર્શન કર્યું હતું અને જાહેરનામાનો ભંગ કર્યો હોવાથી તેમની સામે આચારસંહિતાના ભંગ બદલ કાર્યવાહી કરવા અરજદાર જયરામ હરજીભાઈ દેસાઈએ રાજ્ય ચૂંટણી આયોગને લેખિત ફરિયાદ કરતાં હલચલ મચી છે.



રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આચારસંહિતાનો ભંગ ન થાય તે માટે દરેક વિસ્તારોમાં નોડલ અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે. પરંતુ કેટલાક વિસ્તારોમાં આચારસંહિતાનો ભંગ થયાની સાચી-ખોટી ફરિયાદો તંત્રને મળી રહી છે. હિંમતનગર પાલિકામાં ભાજપ દ્વારા ઉમેદવારો પસંદ કરવા માટેની ક્વાયત કરવામાં આવી તે સમયે પૂર્વ નગરસેવકે આચારસંહિતા અને કોવિડ ગાઈડલાઈનનું ઉલ્લંઘન કર્યું હોવાથી તેમની સામે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધી જરૂરી કાર્યવાહી કરવા સક્ષમ અધિકારી સમક્ષ માંગ થઈ છે.

# પોલીસ કોન્સ્ટેબલ પર જીવલેણ હુમલો કરનાર ડોડીસરાનો હુમલાખોર શખ્સ ઝડપાયો

અરવલ્લી જીલ્લામાં પોલીસે જ પોષીને મોટા કરેલા બુટલેગરો બેફામ બન્યા હતા અને પોલીસ પર જ હુમલો કરી ખાખી પર ભારે પડી રહ્યા છે ત્યારે એસપી સંજય ખરાતના આગમન પછી બુટલેગરો સામે શખ્ત કાર્યવાહીના પગલે ફાટીને ધુમાડે ગયેલા અને કાયદાનો કોઈ ડર જ ન હોય તેવા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે ભિલોડા પીઆઈ તરીકે ચાર્જ સંભાળતાની સાથે પીઆઈ મનીષ વસાવાએ બુટલેગરો પર તવાઈ બોલાવી છે ભિલોડા પોલીસે પોલીસ પર હુમલો



કરનાર અને અપહરણના ગુન્હામાં ફરાર ડોડીસરાના કુખ્યાત અને માથાભારે બુટલેગર સૂકા ડુંડના સાગરીત રાકેશ ઉર્ફે કાળું બાબુભાઈ ડુંડને દબોચી લીધો હતો. અરવલ્લી પેરોલ ફર્લો પીએસઆઈ કે એસ સીસોદીયા અને તેમની ટીમે અંકલેશ્વર શહેરમાં ૮ વર્ષ અગાઉ લૂંટના ગુન્હામાં સંડોવાયેલા અને નાસતા-ફરતા આરોપીને મોડાસાના સર્વોદયનગર (ડુંગરી) વિસ્તારમાંથી તેના ઘરેથી ઝડપી પાડી મોડાસા ટાઉન પોલીસને સોંપી દીધો હતો.

# મોડાસાના હફસાબાદમાં ગેસ સીલીન્ડરમાં ભડકો ટીવી, કપડાં સહિતનો સામાન સળગ્યો

## આગ બુઝાવવા લોકો મદદે આવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

મોડાસા તાલુકાના હફસાબાદમાં રણજીત કાળાભાઈ ખાંટના મકાનમાં ગેસ સીલીન્ડરમાં ભડકો થયા પછી આગ ભભૂકતાં



ટીવી, કપડાં સહિતનો સામાન સળગ્યો હતો. મધ્યમ વર્ગીય પરિવારના ઘરમાં ઓચિંતિ આગ લાગતાં પરિવાર સ્તબ્ધ થયો હતો. ધુમાડાના ગોટે ગોટા બહાર આવતાં અનેક લોકો મદદે આવ્યા અને ગણતરીની મીનીટોમાં આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના હફસાબાદ ગામે તા.૧ ના રોજ ખાંટ પરિવારની મહિલા ઘરમાં રસોઈ ગેસ ઉપર ચા બનાવતી હતી જે સમયે સીલીન્ડરમાં ઓચિંતો ભડકો થયો હતો જેના કારણે ઘરનો સામાન સળગી ઉઠતાં ભયભીત પરિવાર ઘરની બહાર દોડી આવ્યો હતો. જોત જોતામાં આગે ઘરના અન્ય સરસામાનને લપેટમાં લેતાં ધુમાડાના ગોટે ગોટા નિકળ્યા હતા જેથી નજીકમાંથી દોડી આવેલા પડોશીઓએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

# આઝાદીના દાયકાઓ બાદ પાકા રોડનું સ્વપ્ન ફળ્યું

## સરડોઈ ગાયત્રી આશ્રમથી સાલમપુર ગામને જોડતા રોડનું કામ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

મોડાસા તાલુકાના સરડોઈમાં ગાયત્રી આશ્રમ થી સાલમપુર ગામને જોડતા રોડનું કામ શરૂ કરવામાં આવતાં પેટાપરામાં વસવાટ કરતા ૩૦૦ થી વધુ રહીશોમાં આનંદ છવાયો છે. આઝાદીના દાયકાઓ પછી પાકા રોડનું સ્વપ્ન ફળ્યું છે જેમાં ૧,૪૦,૦૦,૦૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.



મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નવા રસ્તાઓના કામ શરૂ કરવામાં આવતાં વર્ષોથી રસ્તાના અભાવે હાડમારી ભોગવતા ખેડૂતો તેમજ વાહન ચાલકોએ રાહત અનુભવી છે. તાલુકાના સરડોઈના સીમાડામાં વસવાટ કરતા ૬૦ થી વધુ મકાનોના રહીશોને સરડોઈ આવવું હોય તો અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો તેમાંય ચોમાસામાં સાંબેલમાં ધસમસતું પાણી વહેતું હોવાથી પશુપાલકોને ડેરીમાં દૂધ ભરાવવું હોય તો પણ સાલમપુર ગામમાં થઈ સરડોઈ આવવું પડતું હતું વર્ષોથી રહીશોની પાકા રોડની માંગણી હતી પરંતુ કોઈપણ કારણોસર કાને ધરવામાં આવતી ન હતી પરંતુ સ્થાનિક આગેવાનો દ્વારા આ અંગે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી જેમાં તાજેતરમાં મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂા.૧.૪૦ કરોડનું ભંડોળ આપવામાં આવ્યું હતું. જેમાં સરડોઈ ગાયત્રી આશ્રમ થી સાલમપુર ગામને જોડતા રોડના માટી, મેટલ, નાળા કામ તેમજ પ્રોટક્શન દિવાલનું કામ શરૂ કરાતાં પંથકની પ્રજામાં અમાપ ખુશાલી જોવા મળી.

# પ્રથમ રાઉન્ડમાં માત્ર ૫ હેલ્થવર્કરને આડઅસરનાં ચિન્હો

## બીજા રાઉન્ડનું વેક્સિનેશન : અરવલ્લીમાં ૧૮૦૦ ફ્રન્ટલાઈન વોરિયર્સને રસી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી જિલ્લામાં કોરોનાને મ્હાત આપવા માટે રસીકરણનો આરંભ થયો છે. બીજા તબક્કાના રસીકરણમાં વિભાગ દ્વારા કુલ-૧૮૦૦ ફ્રન્ટલાઈન વોરિયર્સને રસી આપવામાં આવી છે. પ્રથમ રાઉન્ડમાં રસીકરણ પછી ૫ હેલ્થવર્કરને ઠંડી, કડતર અને માથું દુખવાની સામાન્ય આડઅસર જોવા મળી હતી પરંતુ ત્યારબાદ તેઓ નોર્મલ જણાયા હતા. જિલ્લામાં બીજા તબક્કાના રસીકરણમાં પોલીસ, મહેસૂલ વિભાગ સહિતના અધિકારીઓએ રસી લઈ જણાવ્યું છે કે વેક્સિન સંપૂર્ણ સુરક્ષિત છે. કોરોના સંક્રમણથી બચવા માટે વેક્સિન લેવી જ જોઈએ અને તેની અત્યાર સુધી કોઈ મોટી આડઅસર સામે ન આવી હોવાથી આરોગ્ય વિભાગે રાહત અનુભવી છે.

જિલ્લામાં કોરોના વેક્સિનેશનનો આરંભ થયો તે અગાઉથી જ સંક્રમણ આશ્ચર્યજનક રીતે ઘટ્યું છે. બેકાબુ કોરોના અંકુશમાં આવી જતાં આરોગ્ય વિભાગ દ્વારા અરવલ્લીના વાત્રક અને મોડાસાની કોવિડ હોસ્પિટલમાં ગ્રાન્ટ આધારીત કોરોના સારવાર બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. આરોગ્ય વિભાગ દ્વારા હાલમાં તમામ ધ્યાન કોરોનાના વેક્સિનેશન ઉપર કેન્દ્રીત કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં રસીકરણ પૂર્ણ કરી લીધા પછી હવે બીજા તબક્કાનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે જેમાં અત્યાર સુધીમાં ૧૮૦૦ ફ્રન્ટલાઈન વોરિયર્સને કોરોનાની રસી આપી સંક્રમણથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. વિભાગ દ્વારા હેલ્થ વર્કર, ખાનગી તબીબો તેમજ પોલીસ અધિકારી, કર્મચારીઓને વેક્સિન આપ્યા પછી કોઈ આડઅસર જણાઈ આવી નથી.

### અરવલ્લી પોલીસે તમારી સલામતી અમારું કર્તવ્ય સૂત્ર સાર્થક કર્યું

# અકસ્માત સ્થળેથી મળેલ સોનાની ચેન માલપુર પોલીસકર્મીએ ઈજાગ્રસ્તને પરત કરી

અરવલ્લી પોલીસ સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી રહી છે. જેની પ્રતીતિ કરાવતા અનેક કિસ્સાઓ અને પ્રસંગો જીલ્લા પોલીસતંત્રમાં જોવા મળ્યા છે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા દિનેશભાઈ કલાભાઈ નામના પોલીસકર્મીને ત્રણ મહિના અગાઉ સાતરડા નજીક અકસ્માત સ્થળેથી દોઢ તોલાની સોનાની ચેન મળી હતી અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલ યુવક સારવાર કરાવી માલપુર પોલીસ સ્ટેશન પહોંચતા યુવકને સોનાની ચેન પોલીસકર્મીએ પરત કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડી માનવતા મહેકાવી હતી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે પોલીસકર્મીની પ્રામાણિકતાની સરાહના કરી હતી.



અકસ્માતની ઘટનામાં શ્રીકાંતભાઈની સોનાની ૧૫ ગ્રામની ચેન તૂટી અકસ્માત સ્થળે પડી ગઈ હતી. અકસ્માતના સ્થળેથી દિનેશભાઈ નામના પોલીસકર્મીને દોઢ તોલાની સોનાની ચેન મળી આવી હતી સોનાની ચેન માલપુર પોલીસ સ્ટેશન સુપ્રત કરી હતી અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત શ્રીકાંતભાઈ સારું થઈ જતા સોમવારે માલપુર પોલીસ સ્ટેશન પહોંચતા પોલીસકર્મીએ સોનાની ચેન પરત આપતાં શ્રીકાંતભાઈ પરીખે પોલીસકર્મી અને માલપુર પોલીસની સરાહના કરી આભાર વ્યક્ત કર્યો હતો.



### આંજણા (ચૌધરી) સમાજનું ગૌરવ

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલું ચૌધરી સમાજનું ગોઢા ગામની ત્વિષા જયેશભાઈ પટેલ માત્ર ૧૭ વર્ષની દિકરીએ ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડમાં સાયન્ટીસ્ટ તરીકે (ઈસરો) ભારતમાં પ્રથમ નંબરે પસંદગી પામ્યા છે. ભવિષ્યમાં ઈસરો સંસ્થામાં ઉંચા સ્થાને અવકાશયાત્રામાં હશે તેવી ચર્ચાઓ ચાલી હતી.

# ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ દ્વારા ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૨

ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ ધ્વારા ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું હતું.પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં વિદ્યુત સહાયક ભરતીમાં અનુસુચિત જનજાતિના ઉમેદવારોને સીનિયોરીટી લીસ્ટ ૨૬૬૧ સુધી ઓર્ડર આપવા સંદર્ભે ધારદાર રજુઆત કરાઈ હતી.

ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ, ઉપપ્રમુખ ગુલાબભાઈ પરમાર સહિત કાર્યકરો ધ્વારા મામલતદાર ઝેડ. વી. પટેલને આવેદનપત્ર અપાયું હતું. પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં EWSના ઉમેદવારોને સીનિયોરીટી નંબર. ૨૫૯૦ સુધી ઓર્ડર આપવામાં આવેલ છે. અનામતના ૧૦ % સરકારએ જાહેર કરેલ છે. સુપ્રિમ કોર્ટએ મંજુરી ન આપેલ હોવા છતા સીનિયોરીટી નંબર. ૨૫૯૦ સુધી ઓર્ડર આપેલ છે. અનુસુચિત જનજાતિ (એસ.ટી.) માટે બંધારણની જોગવાઈ પ્રમાણે ૧૫% અનામત આપેલ છે. અનુસુચિત જનજાતિને નુકસાનકર્તા છે. ભરતીમાં સમાજને અન્યાય ન થાય તે માટે તાત્કાલીક અનુસુચિત જનજાતિના ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટને ૨૬૬૨૧ ના અંદરના ઓર્ડર ઈશ્યુ કરવા લેખિતમાં અરજ કરાઈ છે. મેરીટ લીસ્ટની સમય મર્યાદા તા.૧૩/૨/૨૦૨૧ છે તે કોવિડ-૨૦૧૯ની મહામારીના લીધે મેરીટ લીસ્ટની સમય મર્યાદા તા.૧૨/૨/૨૦૨૨ સુધી લંબાવવા અરજ કરાઈ છે.